શ્રી વિષ્ણુ પરમાત્માના અનન્ય બાલ ભકતરાજ

ધ્રુવ કુમાર.

નાટકના ઓપેરા.

વાંકાનેર " આર્યહિતવર્ધક " નાટક કંપની માટે

રચીને પ્રસિદ્ધ કરનાર

રાવળ ત્ર્યંબકલાલ દેવશંકર,

વાંકાનેર આ૦ હિ૦ વ૦ ના૦ કંપનીના માલીક.

આવૃત્તિ બીજી (નકલ ૫૦૦૦)

મુંબઇ.

શ્રી 'સરસ્વતી' પ્રિન્ટિંગ પ્રેસ, ત્રાંબાકાંટા, પાયધુની.

સંવત ૧૯૬૫ સને ૧૯૦૯.

કિંમત બે આના.

અગત્યનું જ્ઞાન આપનારાં ઉપયોગી પુસ્તકો.

ચિકિત્સાબ્ધિ—સંપૂર્ણ આર્યવૈદ્યક ગ્રંથ, ચોથી આવૃત્તિ. ક્રાઉન ડેમી આઠ પેજી ૪૯ ફારમ, પૂઠું પાકું, કિંમત રૂા. ૨ બે.

આર્યાનાર્ય ઔષધ—દેશી અને અંગ્રેજી ઔષધોનો અપૂર્વ વૈદ્યક સંગ્રહ ગ્રંથ, આવૃત્તિ ત્રીજી, ક્રાઉન ડેમી આઠ પેજી, ૪૭ ફારમ, પૂઠું પાકું, કિંમત રૂા. ૨ બે. બન્ને ભાગ સાથે.

પાંડવ અને કૌરવ—ઈતિહાસ ગ્રંથ, આવૃત્તિ ચોથી, ક્રાઉન ડેમી આઠ પેજી ૭૬ ફારમ, પૂઠું પાકું, કિંમત રૂા. ૩ ત્રણ.

રામ અને રાવણ—ઇતિહાસ ગ્રંથ, આવૃત્તિ ત્રીજી, ક્રાઉન ડેમી આઠ પેજી ૫૫ ફારમ, પૂઠું કાચું, કિંમત રૂા. ૧ એક.

પાંડવાશ્વમેધ—ઇતિહાસ ગ્રંથ, આવૃત્તિ બીજી, ક્રાઉન ડેમી આઠ પેજી ૩૫ ફારમ, પૂઠું પાકું. કિંમત રૂા. ૨ બે.

શ્રીકૃષ્ણ ચરિત્ર—ઇતિહાસ ગ્રંથ, ક્રાઉન ડેમી આઠ પેજી ૬૦ ફારમ, પૂઠું કાચું, કિંમત રૂા. ૨ બે.

મુકતા—સાહિત્ય ગ્રંથ, ક્રાઉન ડેમી આઠ પેજી ૫૭ ફારમ, પૂઠું પાકું કિંમત રૂા. ૩ ત્રણ.

ગુજરાતી ગ્રંથકારો અને ગ્રંથો—સાહિત્ય ગ્રંથ, ક્રાઉન ડેમી આઠ પેજી ૪૧ ફારમ, પૂઠું કાચું, કિંમત રૂા. ૧॥ દોઢ.

સંક્ષિપ્ત કાદમ્બરી—સાહિત્ય ગ્રંથ, આવૃત્તિ ત્રીજી, ક્રાઉન ડેમી આઠ પેજી ૧૨ ફારમ, કિ. આના ૮ આઠ.

શ્રીમદ્ ભગવદ્ગીતા—આર્ય તત્વજ્ઞાનનું અપ્રતિમ શાસ્ત્ર, ક્રાઉન ડેમી આઠ પેજી ૨૫ ફારમ, કિંમત રૂા. ૧.

આયુર્વેદ માર્ગોપદેશિકા—વૈદ્યક ગ્રંથ, ક્રાઉન ડેમી અઢાર પેજી, દશ ફારમ કિંમત આના આઠ

શ્રીમદ્ ભગવદ્ગીતા—શુદ્ધ ભાષાંતર ઉપરાંત તત્ત્વિક બોધ માટે પુષ્કળ વ્યાખ્યાન સહિત, ક્રાઉન ડેમી આઠ પેજી લગભગ ૮૦ ફારમનો મોટો ગ્રંથ, કિંમત ટપાલ ખર્ચ સહિત રૂા. ૪-૫-૦

પાત્રોનાં નામ.

સૂત્રધાર, નટી, બાળાઓ—નાટયકાર સ્ત્રી પુરૂષ.

ધ્રુવજી—મહારાજા ઉત્તાનપાદના પાટવીપુત્ર અને શ્રી વિષ્ણુ પરમાત્માના અનન્ય બાલભક્ત.

ઉત્તમ—ધ્રુવજીના ઓરમાન ભાઇ.

વિવેકશર્મા—ધ્રુવજીના બાલસ્નેહી.

ઉત્તાનપાદ—માહેષ્મતી નગરના મહારાજા અને કુમાર ધ્રુવજી તથા ઉત્તમના પિતા.

પ્રવીણરાય—ઉત્તાનપાદના પ્રધાન.

નારદજી—સુરમુનિ.

ઇંદ્રરાય—સુરપતિ.

બૃહસ્પતિ—સુરગુરૂ.

જયંત—ઇંદ્રરાયના પુત્ર.

રામાનંદ—વિવેકશર્માનો બાપ.

શ્રીવિષ્ણુ—જગત્‌નિયંતા.

ચિત્રકેતુ—જયંતનો પાર્શ્વવાન.

લક્ષ્મીજી—શ્રી વિષ્ણુ પરમાત્માની વિભૂતિ.

સુરૂચિ—કુમાર ઉત્તમની મા. ઉત્તાનપાદનાં માનિતાં નવાં રાણી.

સુનીતિ—કુમાર ધ્રુવજીનાં માતા અને ઉત્તાનપાદનાં અણમાનિતાં પટરાણી.

ઇંદ્રગૌરી—ઇંદ્રરાયના પુત્રી તથા કુમાર ધ્રુવજીના થનાર પત્ની.

ઇંદ્રાણી—ઇંદ્રરાયના સ્ત્રી.

બ્રહ્માજી, સરસ્વતિ, દેવગણો, માયા, અપ્સરાઓ, પારસદ, દરબારીઓ, વારાંગનાઓ અને દાસદાસી, ભુવા, નોકર વગેરે.

શ્રી વિષ્ણુ પરમાત્માના અનન્ય બાલ ભક્તરાજ ધ્રુવકુમારના નાટકનો ટુંક સાર.

અંક પહેલો.

પ્ર. ૧ માં—ઇશ્વર સ્તુતિ. સૂત્રધાર તથા ભરતમુનિનો નાટય શાસ્ત્ર સંબંધી સંવાદ, ભરતમુનિનો આશ્રમ બદલાઇ માતા સરસ્વતિનું પ્રગટ થઈ આશીર્વાદ આપી અંતરધાન થવું.

પ્ર. ૨ માં—માહેષ્મતી નગરના મહારાજા ઉત્તાનપાદના પાટવી કુમાર ધ્રુવજીનું પોતાના લઘુ બંધુ સાથે પ્રભુ ભજનનું ગાન કરતાં રાજમાર્ગમાં નીકળવું. કઇ અવસ્થામાં પ્રભુ ભજન કરવું તે ઉપર ઉત્તમ તથા વિપ્ર પુત્ર વિવેકશર્મા સાથે કુમાર ધ્રુવજીએ કરેલું વિવેચન. જન્મદિવસની ખુશાલી પ્રસંગે પોતાની માતા સુરૂચિના આવાસે આવવાનો આગ્રહ કરી કુમાર ધ્રુવજીને ઉત્તમનું તેડી જવું. બાદ બંને કુમારની બાલવયમાં ભિન્ન ભિન્ન વિષયના ઉદ્દગાર સાંભળી ઇશ્વર સ્મરણ ક્યારે કરવું તે બાબતમાં વિવેકશર્માનું વિવેચન.

પ્ર. ૩ માં—પોતાની માનીતિ નવી રાણી સુરૂચિના આવાસે મહારાજા ઉત્તાનપાદે ઉત્તમના જન્મદિવસની ખુશાલીમાં

ભરેલો ભવ્ય દરબાર. કુમાર ધ્રુવજી સાથે ઉત્તમનું આવવું. રાણી સુરૂચિને મોહવશ થઇ તેના કુમાર ઉત્તમને મહારાજા ઉત્તાનપાદનું પ્રેમથી ઉત્સંગમાં બેસવા બોલાવવું અને કુમાર ધ્રુવજીને વિસારી જવું. ભાતૃ ભાવની અપૂર્વ પ્રીતિને પરિણામે જેષ્ટ ભ્રાતા ધ્રુવજીને પિતાના ઉત્સંગે બેસવા ઉત્તમનું બોલાવવું, જતાં અપરમાતા સુરૂચિએ કુમાર ધ્રુવજીનું અપમાન કરી મહેણું મારવું. ધ્રુવે કરેલી દિલગીરી. પ્રધાન પ્રવીણરાયનો દિલાસો. અપર માતાના વાકયને બોધ રૂપ સમજી પિતાના અલ્પ ઉત્સંગના સુખ અભાવે શ્રીજગતૃપિતાના અભય ઉત્સંગમાં બેસવાને લાયક થવાનો નિશ્ચય કરી કુમાર ધ્રુવનું જવું

અ, ૪ માં--અણમાનીતી રાણી કુમાર ધ્રુવજીની માતા સુનીતિને અપશુકનથી થતી ચિંતા. પ્રધાન પ્રવીણરાયનું આવવું. સુનીતિએ અણમાનિતી દશાનો કરેલ અફસોસ. પ્રવીણરાયે ધીરજ દેવી. બાદ કુમાર ધ્રુવજીએ આવી ઇશ્વરભજન અર્થે જંગલમાં જવા સારૂ માતા પાસેથી રજા માગવી. સુનીતિનો પુત્રભાવ તથા ધ્રુવજીનો ભજન ભાવ જોઈ પ્રવીણરાયે સુનીતિને કુમાર ધ્રુવજીને રજા આપવા માટે સમજુતી આપવી. માતા સુનીતિનો શુભ આશીર્વાદ લઇ ધ્રુવજીનું વનમાં જવું.

અ. ૫ માં—સુરપતિ ઇદ્રરાયની પુત્રી ઇંદ્રગૌરીને સાહેલીઓ સાથે શિયળ મહિમાના ગરબાની ગમ્મત. મહાત્મા નારદજીનું આવવું. ઇંદ્રગૌરીની હસ્તરેખા જોઇ કુમાર ધ્રુવજી સાથે વરવાનું ભાખેલું ભવિષ્ય. ધ્રુવજી સાથે વરવાની ઇંદ્રગૌરીએ કરેલી પ્રતિજ્ઞા.

અ. ૬ માં—અઘોર જંગલમાં કુમાર ધ્રુવજીનું નિકળવું. નારદમુનિનો સમાગમ. ધ્રુવજીની ઈશ્વરભજનરૂ.ા અડગવૃત્તિ જોઇ મુનિ નારદે તેને ગુરૂદીક્ષા આપવી. તથા તેને મધુવનમાં શ્રી વિષ્ણુ પરમાત્માનું તપ કરવા મોકલવું.

અ. ૭ માં—સ્વર્ગમાં ઇંદ્રરાયની કચેરી. નારદમુનિ સાથે મૃત્યુલોક સંબંધે ઇંદ્રરાયની વાતચીત. ધ્રુવજીની ઉગ્ર તપશ્ચર્યાના પ્રભાવે વાયુનું રૂંધન થવાથી દેવતાનું અકળાઇને આવવું. ઇંદ્રરાયે ધ્રુવજીની તપશ્ચર્યા ભંગ કરવા માટે માયાને મોકલવી. બાદ ઇંદ્રાસનનું ડોલવું અને દેવસભાનું આશ્ચર્ય થવું.

અંક બીજો.

પ્ર. ૧ માં—વિવેકશર્માની નવી માતાએ શોક્યના પુત્ર વિવેકશર્માને ઘરમાંથી કાઢી મૂકવા માટે તેના પતિ રામનંદસાથે કરેલો કંકાસ. નવી માતાનું મન શાંત થવા સારૂ ઘર છોડી ચાલ્યા જવાનું વિવેકશર્માનું કહેવું. ત્યાં મહારાજા ઉત્તાનપાદનું નગરચર્ચા જોવા નિકળવું. વિપ્ર રામાનંદે "હું મહારાજા ઉત્તાનપાદ જેવો નથી કે સ્ત્રીમાં મોહ પામી મારા પુત્રને કાઢી મૂકું" એવો દાખલો દઇ નવી સ્ત્રીને ઘરમાંથી ચાલી જવા કહેવું. ઉત્તાનપાદનું પ્રગટ થઇ સૌને સુસંપ સાથે રહેવાનું સૂચવવું. બાદ કુમાર ધ્રુવજીના વિયોગનું સ્મરણ થવાથી કરેલો પશ્ચાત્તાપ.

પ્ર. ૨ માં—પુત્ર વિયોગથી પીડાતા મહારાજા ઉત્તાનપાદનું શોકભૂવન. પ્રધાન તથા કુમાર ઉત્તમે શાંત થવા કહેવું. તેવામાં રાણી સુરૂચિના માર્મિક વચનો સાંભળતાં રાજાના પશ્ચાત્તાપનો વધારો. કુમાર ઉત્તમે પોતાની મા સુરૂચિને ગર્ભિત ક્રોધ સાથે શોકભૂવનમાંથી ચાલ્યા જવા કહેવું. નારદજીએ આવી કુમાર ધ્રુવજીના કુશળ સમાચાર આપી સૌનાં મનનું સાંતવન કરવું.

પ્ર. ૩ માં—હિમાલયના ઉપવનમાં સખીઓ સાથે ઇંદ્રગૌરીની ક્રીડા. ઇંદ્રપુત્ર જયંતનું આવવું. ધ્રુવજી સાથે વરવા ઇંદ્રગૌરીના ઉદ્ગગાર સાંભળી જયંતનો ક્રોધ. નારદજી-ના આગમનથી લાચાર થઇને જયંતે ધ્રુવને સમુદ્રમાં ફેંકી દેવાનો નિશ્ચય કરી જવું.

પ્ર. ૪ માં—ઇંદ્ર મહારાજની આજ્ઞાથી ધ્રુવજીનું ધ્યાન ભંગ કરવા તપહારણી સેના સાથે માયાનું મધુવનમાં આવવું. માયાવી બળે વસંત પ્રગટાવવી રિદ્ધિસિદ્ધિ દ્વારા ધ્રુવ-જીને લોભાવવાની યુક્તિ. રંભા વગેરે અપ્સરાઓનો નાચ. દેવમાયાએ ધ્રુવજીની માનું રૂપ ધરી ધ્રુવજીને ધ્યાનમાંથી જગાડવા કરેલી કોશીશ. ધ્રુવજીના શરીર-માંથી જવાળા નિકળતાં માયાનું ડરી પાછું હઠવું. વાસનાનું નીકળવું. ભક્તિનું શુદ્ધ સ્વરૂપે ધ્રુવજીના હૃદ-યમાં પ્રકાશવું. દેવમાયાનું નિરાશ થઇ ચાલ્યા જવું.

પ્ર. ૫ માં—રાણી સુનીતિની ધ્રુવજીની આરોગ્યતા માટે પ્રભુ પ્રત્યે પ્રાર્થના. કુમાર ઉત્તમે આવી ધ્રુવજીને વનવાસ દેવામાં નિર્દોષપણું દેખાડી દિલગીરી જાહેર કરવી. બાદ મહારાજા ઉત્તાનપાદનું આગમન. પોતાની થયેલ ભૂલ માટે રાણી સુનીતિ પાસે ક્ષમા માગવી. સુનીતિની પતિપ્રત્યે અનન્ય ભક્તિ.

અ. ૬ માં—ધ્રુવજીનું તપ ભંગ કરવાની યુક્તિઓ નિષ્ફળ જવાથી દેવગુરૂ બૃહસ્પતી સાથે ઇંદ્રરાયની વાતચીત. નારદજીએ આવી ધ્રુવજીને હેરાન ન કરવા ઇંદ્રરાયને કરેલી સુચના. બાદ બૃહસ્પતીની સલાહથી શ્રીવિષ્ણુ પરમાત્મા પાસે ઇન્દ્રરાયનું શ્રીવિષ્ણુ લોકમાં જવું.

અ. ૭ માં--વિષ્ણુ લોકમાં બાલભકત ધ્રુવજીની ઉગ્ર તપશ્ચર્યાનું શ્રીવિષ્ણુ પરમાત્માને સ્વપ્નામાં ભાન થતાં નિદ્રામાંથી જાગી ઉઠવું. લક્ષ્મીજી સાથે ભકતો પ્રત્યે અપૂર્વ લાગણીનું વિવેચન. બાદ બ્રહ્માજી સાથે ઇંદ્રાદિ દેવોનું આવવું. ઇંદ્રની શંકા ટાળી સર્વ સાથે બાલભકત ધ્રુવજીને વર આપવા શ્રીવિષ્ણુ પરમાત્માનું મધુવનમાં જવું.

२५५८ (११)

અંક ત્રીજો.

પ્ર. ૧ માં—રાણી સુનીતિની દાસી સદ્બોધા તથા રાણી સુરૂચિની દાસી મંગળા વચ્ચે થયેલી વાતચીત. રાણી સુનીતિએ આવી મંગળાને સુરૂચિના કુશળ સમાચાર પુછવા. પોતાથી થયેલ અપરાધની ક્ષમા માગવા સુરૂચિનું આવવું. સુનીતિએ જણાવેલી નિર્મળતા. બાદ મહારાજા ઉત્તાનપાદ આવી બંને રાણીઓને સુસંપમાં સાથે જોઇ જણાવેલી શાંતિ.

પ્ર. ૨ માં—ધ્રુવજીને ઉપાડી સમુદ્રમાં ફેંકી દેવાની ધારણાથી ઇંદ્રપુત્ર જયંતનું મધુવનમાં આવવું. ધ્રુવજીને ઉપાડવા જતાં જયંતનું અંગ જડાઇ જવું. પારશદનું પ્રગટ થવું અને ધ્રુવજીને પગે લગાડી જયંતને માફી આપવી. બાદ ભકતરાજ ધ્રુવજીને વર આપવા સર્વ દેવો સાથે શ્રીવિષ્ણુપરમાત્માનું પધારવું. નારદજીને ભકતરાજ ધ્રુવજીને તેના પિતાના રાજ્યમાં લઇ જવા કહેવું. ભકતરાજ ધ્રુવજીના કરેલ અપરાધથી મુકત થવા સારૂ પોતાની પુત્રી ઇંદ્રગૌરીનાં લગ્ન ધ્રુવજી સાથે કરવાં. ઇંદ્રરાયે માગેલી શ્રીવિષ્ણુપરમાત્માની આજ્ઞા.

પ્ર. ૩ માં—કુટુંબ કલેશથી રસ્તામાં વિવેકશર્માની મુંઝવણ- ભકતરાજ ધ્રુવજી તથા નારદજીનો મેલાપ. પોતાનાં સગાંનો પ્યાર મિથ્યા છે તેની ખાત્રી કરવા માટે નારદજીએ વિવેકશર્માને બતાવેલી યુક્તિ. ભકતરાજ ધ્રુવજીના પૂર્વાવતારનું વિવેચન કર્યા બાદ તેના આગમ-નના શુભ સમાચાર આપવા મહારાજા ઉત્તાનપાદ પાસે નારદજીનું જવું. ભકતરાજ ધ્રુવજીને કુમાર ઉત્તમનો ભેટો. ઇશ્વર મહિમાનું વિવેચન. બાદ આપ્ત મંડળ સાથે માતાપિતાએ સામૈયું લઇ આવવું અને ભકતરાજ ધ્રુવજીને લઈ આનંદમંગળથી સૌનું નગરમાં જવું.

પ્ર. ૪ માં—વિવેકશર્માના ઘરમાં વિવેકશર્મા પ્રત્યે તેના વહાલા સગાંનો પ્યાર કેવો છે તેની ખાત્રી કરાવ્યા બાદ નાર-દજીએ તેને કરેલો ઉપદેશ. (હાસ્ય છે.)

પ્ર. ૫ માં—ધ્રુવજી સાથે વરવા લીધેલ પ્રતિજ્ઞા રદ કરાવવા ઇંદ્રા ણીએ ઇંદ્રગૌરીને સમજાવવી. જયંતનું નિરાશ થઈ મધુવનમાંથી પાછા આવવું. બાદ ઇંદ્રરાયે આવી ધ્રુવજી પ્રતાપી ભકત છે તેવું જાહેર કરી ઇંદ્રગૌરીને તેની સાથે પરણાવવા જવાનો જણાવેલ વિચાર ને ઇંદ્રગૌરીનો અપૂર્વ આનંદ.

પ્ર. ૬ મો—ભકતરાજ ધ્રુવજીનો રાજ્યાભિષેક. સહકુટુંબ આવી ઇંદ્રરાયે ભકતરાજ ધ્રુવજીને કન્યાદાન આપવું. બાદ નારદજીએ ભકતરાજ ધ્રુવજીના અવિચલ પદનાં દર્શન કરાવવાની સાથે પ્રયોગનું પૂર્ણ થવું અને ભકિતનો વિજય.

ડ્રોપ.

—:o:—

શ્રી ગણેશાય નમઃ

ધ્રુવ કુમાર.

ઇશ્વર સ્તુતિ.

સૂત્રધાર } (૧)
નટી }

નિશદિન તારૂં નામ જપત સહુ દેવા કરે સેવા
ભાવ ધારી..નિશદિન.
અજર અમર તું છો એક અવિનાશી ઈશ
અકળ સકળ ગતિ તારી ન્યારી ન્યારી હાં........(૨)
કરતા ધરતા જગનો સંહરતા છો સહુનો
દાતા દીન તણો તું છો ધણો
અજબ નચાવે પાર નહીં આવે
એવી અતિ કૃતિ જોઈ મતિ જાયે હારી મારી —નિશદિન.

બાળાઓ— (૨)

અમે એવા શ્રી નાથજીને વંદીએ આ વાર
ભૂધર............ભકતોના પ્રતિપાળ...........અમે
નારદ શારદ ભાવ ધરીને ભજે
સુરનર મુનિવર પોતાનો ગર્વ સહુ તજે
કરતા હરતા શ્રી કૃપાળ........(વ્હાલા)........અમે

સૂત્રધાર— (૩)

બ્રહ્મ સુતા તમ નામ શુભ, સંભારીને આજ;
વિનય વાણીથી માગીએ, મંગળ કર અમ કાજ.

બાળાઓ— (૪)

ભજો મન વશ કરીને, અજર અમર શ્રીધર ભૂધર,
જગમાં જનમીને..............................ભજો.

સૂત્રધાર } પ્રભુજીના ભજન એવાં, તાર્યાં ગજ ગુણીકા જેવાં (૨)
નટી }

બાળાઓ—ભજયા જેણે ભાવથી વિશ્વ વિહારી,
જાઉં તેને વારી વારી બલિહારી.

સાખી—મોહ રૂપ જળથી ભર્યું, આ ભવસાગર ઠામ,
તેને તરવાનું કર્યું, શ્રી હરી કેરૂં નામ.... ..પ્રભુ.

ધ્રુવજી— (૫)

રે મન ભજન સુધારસ પી લે, બેઠું શું તું મુખ ઢીલે........રે.
સાર નથી કાંઇ આ સંસારે, સમતાથી સમજી લે;
તું કોણ ને કોણ છે તારૂં, અંતર આંખે ઓળખી લે......રે.

વિવેકશર્મા— (૬)

હરિનું ભજન કેમ કરવું, શ્યામનું સ્મરણ કેમ કરવું;
મહિમા જાણો આયુષ ઓછું, મરવું કે કરવું...........હરિ.
છળ કળથી ધન ભેળું કરતાં, ડરવું કે કરવું;
ગાડીપર લાડી લઇ સાથે ફરવું કે કરવું...........હરિ.

દરબારી અને }
વારાંગનાઓ } ... (૭)

મહારાજા જગ જીવો ઘણું. (૨)..............મહા.
આશીષ આપીએ ભરી દરબાર (૨)...........મહા.
સુખમાં ગમન ગુણી ગુણવાન, પ્રેમી પ્રજાને અતિશય માન
અરિનો નાશ સહાય શ્યામ, સુખમાં સ્નેહે સાચવી સંસાર. મહા.

વારાંગનાઓ— (૮)

પાયે પાયે પીયાર અબે કહાં જાઓગે લાલન હમાર.......પાયે.
જાને ન દઉંગી, તાબેમે રહુંગી, સોહેમે સઉંગી;
કહો ગે જો...............
વારી વારી બલિહારી અંકધારી લાલ પ્યારી, રે ન સારી
હુય ગુજારી.......મેન નેન સેન કેસરવારી
હુતડારી.......ગીદી ધીન ગીદી ધીન ધા ધા.(૩)
બતાકે પ્રીતિ તુમે લઉં જીતી થારૂં ન ભીતિ
જરાણી મેં........વારવાર પ્યાર કાર અંકધાર
માર મારસેં સુધાર ઉર ઠાર, દેહ ગેહ નેહ તુમપે વારી
કરો પ્યારી.......ગીદી ધીન ગીદી ધીન ધાધા. (૩)....પાયે-

ધ્રુવજી— (૯)

ચટપટ ચેતી હેત કરૂં હરિસું, મરણ ભમે છે માથે રામજી
ધામ ધરા ધન સુત ધણીઆણી, સેવક ન આવે સાથે રામજી-ચટ.
મોટપણાનું માન ભરાયું, તેમાં કાંઇ નવ સુજે રામજી

જમના કિંકર જોશું ત્યારે, થર થર કાયા ધ્રુજે રામજી..........ચટ.
કરૂં સત સંગ અંગ હોય નિર્મળ, રંગ હૃદયમાં લાગે રામજી;
ભાવ ધરી ભગવંત ભજી લઉં, તો ભવનો ભય ભાગે રામજી....ચટ.

સુનીતિ— (૧૦)

પૂરણુ સત્યવાળી શ્રીરામને રીઝાવજો. (૨)

ધ્રુવજી—વચન આપનાં ચડાવી શિર રહું રઘુવીર..............સત્ય
સુ.—થશે સફળ કામ શુભ સહુ તમારૂં, એમ ધારી મુજ અંતરને વારૂં.
ધ્રુ.—રહેમ દૃષ્ટિથી સર્વદા અમારૂં, સિદ્ધ થાશે મમ કાજ એમ ધારૂં
સુ.—પુષ્પે વધાવું મોતીડે વધાવું, મારા બાલુડા વહેલા આવજો . સત્ય
નિરખું નયન ભરી નેહથી, આનંદકારી મુખ જરી;
લઉં વારણાં હુલાસમાં, આશીશ આપું છઉં ફરી.

ધ્રુવજી—સુખથી રહો આનંદમાં, મુજ માત ચિંતા નવ ધરો ;
સુનીતિ—જગતાત માગું પ્રેમથી, મુજ પુત્રની રક્ષા કરો.

ઇંદ્રગૌરી સાહેલીઓ } (૧૧)

આજ આનંદરે, આજ આનંદરે ;
ગરબો ગાઓને ઉમંગમાં.....................................આજ.
ઉમંગમાં ને રંગમાં સહુ સંગમાંરે....બ્હેનો–ગરબો–આજ.
શિયળ ગુણુ ગાઓને ઉમંગમાંરે.......બ્હેનો–ગરબો–આજ.
મોટો મહિમા છે સુંદર શિયળનોરે;
સતિનો શ્રૃંગાર એ કહેવાયરે.............બ્હેનો–ગરબો–આજ.

સુવૃત્તિ સમાન વસ્ત્ર અંગને શોભાવે,
પતિ સેવા પતિવૃતાને પૂર્ણથી દિપાવે.
રીતિએ ધારી રહેશે જો નારી (૨)
તો લેશે ઉગારી મુરારિ ઉતારે ભવ પારરે...બ્હેનો-ગાઓ.

નારદજી—— (૧૨)

હોય ભક્ત પતિ ભવ મહીં, તરે તારે સંસાર;
સદા રહે પતિ સાથમાં, ધન્ય ધન્ય તે નાર.

નારદજી—— (૧૩)

ભજ ગોવિંદં, ભજ ગોવિંદં, ગોવિંદં ભજ મૂઢ મતે
ધામ ધરા ધન કામ ન આવે અંતે અળગાં થાશેરે
પળ પળ પ્રાણી હરિને ભજતો જીવ સ્વર્ગમાં જાશેરે. ભ.

ઇંદ્રગૌરી—— (૧૪)

પ્રીતેથી મેં તો લીધી છે પ્રતિજ્ઞાઓ બ્હેની,
લોભાણી છઉં હું ખ્યાતિ જાણી એની........... .. ..પ્રી.
નારદજીની વાણિ સુણીને ચિત્ત ચોંટયું સુંદર વરમાં
હરી ઇચ્છાએ હીરલો લાધ્યો (૨)
થઈ ચુકી તન મનથી તેની........હું તો (૨)..........પ્રીતેથી

ધ્રુવજી— (૧૫)

નોધારાનાં આધાર પ્રભુ મારા એકલના છો બેલિ
ભાગ્યાના છો ભેરૂ ભેરૂ ભેરૂ રામ.................... નો.
બિરદ સંભારણુ જાણી, દુઃખ નિવારણુ જાણી,

શરણ હું માગું છઉં મુરારી-- વ્હાલા.
માત પિતાને મેં તો મિથ્યા સબંધી ધારી,
મનથી હું મુકું છું વિસારી— વ્હાલા.
સર્વે ભક્તોને જ્યારે ભીડ પડી છે ત્યારે
ધાઈને ગ્યા છો વનમાળી....................વ્હાલા.
પૂર્ણ પરીક્ષક પોષાક જગના તમે
લેજો આ બાળ ઉગારી— વ્હાલા.

નારદજી- - (૧૬)

રામ વિના નવ બોલ, રસના રામ વિના નવ બોલ;
વૃથા વાતે અપરાધજ લાગે, પડે ભજનમાં ઝોલ. રસના.
નિશદિન રામ ભજન રટવાનો, કર્યો ગર્ભમાં કોલ. રસના.

નારદજી— (૧૭)

એ.........તું ચેતી લે સમય વીતિ જાયરે..............સુઘડ નર.
માની લે જીવન વૃથા થાય હોજી.... ....એ.... ....તું ચે.
માયા મંદીરીયાંને કુટુંબ કબીલા જોઈ, હૈયામાં કાં હરખાય હોજી
જમના કિંકર જ્યારે હે–રામા ઝાલીરે જાશે ત્યારે
તું તારા મનમાં મુંઝાયરે... ....સુઘડ.
હવે તો હરિને પ્રાણી ભાવેથી ભજી લેને
કાં તું ગારામાં ગોથાં ખાય હોજી
આરે અવતાર તારો હે–રામા એળે જો જાશે ભાઈ
(તો) જીવડો ચોરાશીમાં જાયરે.... ....સુઘડ.

અપ્સરાઓ— (૧૮)

છાઈ રંગી બેરંગી ઉમંગી સુસંગી રહ્યો,
રંગ સૌ અહીં માન ....

અમન ચમન અમૃત વરસે મણિમય જળહુજી સુંદર સ્થાન,
અજર અમર દેવનામ, મોહ મનોહર ઇંદ્રનું ધામ....છાઇ.

અંક બીજો.

વિવેકશર્મા— (૧૯)

પિતુ માત ગુરૂએ તીરથ મોટું જાણો એ વિણ સઘળું ખોટું,
હરિનામ સમો એનો મહિમા, નહીં એ સમ બીજું આ જગમાં—પિ.
પિતુ માત દુભાવ્યાં છે જેણે, અવતાર ધર્યાં ધિક છે તેને,
એવા કપુત પ્રીતે પહેલા, જાશે જમ દ્વારે તે વહેલા,
જો ચાહો જગમાં સુખ લેવા, તો તનમનથી કરો શુદ્ધ સેવા- હરિ.

ઉત્તાનપાદ— (૨૦)

ખળ ખળ ખળ આંસુ, આંખથી આ ખરેછે;
ધગ ધગ ધગ હૈડું, બાપડું આ બળેછે.
પળ પળ પળ પ્રગટે અંગમાં અગ્નિ એનો;
વિરહ બહુ દમે છે, આજ કુમાર ધ્રુવનો.
ધ્રુવજી વિના મારૂં રે, જીવન થયું ખારૂં;
જીવન થયું ખારૂં, સહુ સુખ અકારૂં— ધ્રુવજી.
નારીના નેહે લપટાઇ, ભૂલ કરી ભારી;
ન્યારૂં કર્યું બાળ બીચારૂં રે-- જીવન થયું.

સાખી—રાજ તાજ વૈભવ બધા, જોઇ બળે ઉર લાય;
પુત્ર વિયોગે પ્રાણ મુજ, પાપી કેમ ન જાય
હાય થશે શું હવે મારૂં રે— જીવન થયું.

નારદજી— (૨૧)

ભજી લે ભાવે શ્રી હરિ, ન રહીશ રાજા ભૂલમાં;
માયા મહિલા માને શા મૂલમાં, ડાપણના ડાહ્યા તું ડૂલ માં-- ન રહીશ.
દુખી સંસારમાં, ગોથાં ખોટાં માર માં;
ધન ધામ કેરો ફાંકો રાખી ફૂલ માં— ન રહીશ.
સુખ તું શાનું માને, અંતે જવું છે સ્મશાને;
(માટે) ચેત ચેત ચડશે નહિ તો ચતુરાઇ ચૂલમાં— ન રહીશ.

ઇંદ્રગૌરી— તથા સાહેલીઓ (૨૨)

ખીલી છે કેવી કૃતિ કીરતારની આંહિ
મન મારૂં જોઇને હરખાય........ ખીલી.
જીવન સુખ સઘળું આ શોભાય,
વન ઉપવન જોઇ મન લોભાય-- ખીલી.
સફળ સુમન ભિન્ન ભિન્ન આ ફુલ્યાં,
નવિન રંગ આ પલ્લવ ઝુલ્યાં;
ભમર ભોગી ઉમંગે ફરેછે,
ટહુકા કોયલ કીર મેના કરેછે,
બર્હુ નાચે ખુલ ખુલ ચિત્ત હરતાં,
ગર્વ ધરી પક્ષી મહીં ફરતાં,
સરવર તીર હંસ અતિ નાચે,
રાગ રંગથી મુજ મન રાચે, જીવન સુખ સઘળું આ શોભાય. ખી.

ઇંદ્રગૌરી-
સાહેલીયો } (૨૩)

જાને ઘેલી સાહેલી છો મન મેલી,
સતાવો શાને મારી બ્હેન,
આવી વાણી જાણીને જાઉં હારી, વાહ શાણી,
જોઇ ચતુરાઈ તારી, હું હારી ભાન સારી,
ના ગભરાવ, કાં દુભાવ, શું ક્રૂર થાઓ, બસ દુર જાઓ—જાને.
લાગી કટારી કારી, કરૂં કયાં જયંને હું શાવ,
મારૂં મન બહુ મુઝાય, જીવ જાય ન સહેવાય,
ન કહેવાય, ન રહેવાય, કંઈ કંઇ થાય, ઉર ગભરાય—જાને.

જયંત—
ઇંદ્રગૌરી } (૨૪)

દૂર દૂર નફ્ટ બાળા પ્રગટે જ્વાળા ઉરમાં ભારી,
વીરા વદો શું આ વિના વિચારી;
ક્રોધ હાય ના ખમાય છુટે કંપારી...............દૂર.
શંકના ઉપર રોશ કરો કાં,
ભગિની મારી હત્યારા ઠરો કાં;
ઝુલ્મ કરો કાં જનેતાના જાયા, થઇને ડાહ્યા,
ચુપ ગમાર.... ....દૂર.

ઇંદ્રગૌરી— (૨૫)

મોહ્યુંરે મન સુંદર વર ધ્રુવમાં,
ચોંટયું ચોંટયું ચોંટયું ચોંટયું ચોંટયુંરે ચિત્ત--સુંદર.
ભ્રાતા પિતા ભલે ભારે ભય આપે,
કાપે શીશ આ મારૂં મારૂં મારૂંરે.......મન સુંદર વર.

ચંદ્ર સાથે ચકોરી જેવું, એવું આ ચિત્ત લાગ્યું લાગ્યું;
લાગ્યું લાગ્યું લાગ્યું રે...મન.

માયા—
અપ્સરા

(૨૬)

પ્રિય પ્યારા છો મારા ધુતારા થઇને આંહિં શું બેઠા,
આમ શું વ્હાલા ઠગો છો ઠાલા, ઉઠોને રંગે રમો રઢીયાળા;
અનંગ આગ લાગી ઉર લાલા, તે સમાવો વ્હાલા. પ્રિય.
રંગે રમાડો વિરહ સમાવો, આલિંગન લઇ લ્યોને લ્હાવે;
નાથ કાં તરસાવો, સ્નેહે બોલાવો, દયા ઉર લાવો,
ના શરમાવો વ્હાલ વધારો, સેવા સ્વીકારો,
સ્વામી છબીલા .... પ્રિય.

માયા—

(૨૭)

ભકતો ભાળીને હારૂં મારી હાગ મારી હામ મારી હામરે....ભકતો.
નથી જોર મારૂં ભકતોની પાસે કાંઈ,
તન મન વશ કરી પ્રભુ પદ પ્રીતિ ધરી;
તેનાથી હારી જાઉં મારી હામ મારી હામ મારી હામરે...ભકતો.
ઝેર જેવું જગ જાણી લીધું છે હુવે,
તજી દીધો છે તેણે કામ. (૩) ભકતો.

સુનીતિ--

(૨૮)

પાયે લાગી લાગી આજ માગું છું મુરારી,
માગું છું મુરારી, આજ સહાય શ્યામ તારી;
પુત્ર મારો પ્રાણ પ્યારો આવ્યો શરણુ તારી,

બિરદના પ્રતિપાળ પ્રભુ લેજે તું ઉગારી;
મુજ રંકનું એ રત્ન મળ્યું મોંઘે પ્રયત્ન,
હેમ ક્ષેમ રાખો વિભુ, અહોનિશ યાચું શંભુ....પાયે.

સુનીતિ— (૨૯)

ચાહુંછું સેવા સદા સ્વામી તમારી,
રંગ રાગ કદી માગુ નહીં મનથી. (૨)
આ સંસારી સુખ સઘળાં હું,
આતશબાજી સમ ગણું ઉરથી વ્હાલા. (૨)
પતિ તમ પદ રજ મમ હિતકારી .. ..ચાહું.

નારદજી— (૩૦)

મન હરિ હર કેરૂં ધ્યાન ધરો,
મુક્તિનો મારગ એજ ખરો;
દુરાચાર તજી સતસંગ કરો ....મન.
હું ને મારૂં એ બેઉ તજો,
ગર્વ છોડી મન રામ ભજો;
ભાવ ભજન તવ હૃદય ભરો. ....મન.

લક્ષ્મીજી } (૩૧)
વિગેરે. }

પોઢો પ્રિય પરમાનંદ પ્યારા, આ........હીંચોળે સુંદર દારા,
જીવન ઝુલો રઢીયાળા, છબીલાજી છોગાળા.. ...પોઢો.

સાખી—

પાતળીયા પંખો કરી, વાયુ ઢોળું નાથ,
શીતળ સુગંધી સ્નેહથી, સીંચું સૌ સખી સાથ.

ગુણીયલ ગજરા, ગુંથ્યા છે સારા,
અરપું નારાયણ તમને,
હવે પોઢોજી પોઢોજી પોઢો પ્રાણેશ.... ....પોઢો.

શ્રીવિષ્ણુ-- (૩૨)

આહા ? શું ધ્રુવ ભક્તિ તમારી,
જોઇ હર્ષ થયો ભારી.
છ માસથી એકાગ્ર થઈને,
અન્ન ફળ જળનો ત્યાગ કરીને,
બેઠા છો તમે મુજ ધ્યાન ધરીને,
તે સ્મરણ થયું સ્વપ્ને.... ....આહા.

બ્રહ્માજી } ....દેવો.... (૩૩)
ઇંદ્રાદિ }

હે જગતતારક ભય વિદારક સૃષ્ટીધારક શ્રીપતિ,
છો દીનદયાળા જય કૃપાળા જાદવા વિશ્વપતિ;
આવી અલૌકિક પ્રબળ યુક્તિ, કળી ન શક્તિ મુજ મતિ,
વિદ્વાન કે મુનિવર મનુજો, પાર પામે ના રતિ,
મેરૂ કરો તૃણમય ક્ષણે, ક્ષણમાં ઠરો તૃણમય તરૂ,
એવા રમાવર આપ મુક્તિ ધામ, તે કેમ વિસરૂં;
સેવે શરણ રજ શામ્બ પ્રીતે, પરમ હિતમય સૌખ્યદા,
વ્યાધી પ્રલય કરો ભ્રાંતિ હરો, સૌ શાંતિ કરજો સર્વદા.

બીજો અંક સમાપ્ત.

અંક ત્રીજો.

સદ્‍બોધા-- (૩૪)

પ્રભુ અજબ કળા તારી, પામે નહિં કોઇ પાર. પ્રભુ.
ક્ષણમાં રાજા રંક બનાવે, રંકપરે તું છત્ર ધરાવે. (૨)
ઘડી હસાવે ઘડી રોવરાવે, નટ મરકટ વત્ સૌને નચાવે
પ્રણમું વાર વાર.... ....પામે.

સુરૂચિ— (૩૫)

મારૂં તારૂં સારૂં તજી, સદા નમ્ર થાવું,
શીળને સંતોષ સજી, વિનય વાટ જાવું......મારૂં.
ગર્વ ને ગુમાન છોડી, નમ્ર નીરે નહાવું;
સાર છે અપાર એમાં, મુખથી શું હું ગાઉં....મારૂં.

સુનીતિ,
સુરૂચિ,
ઉત્તાનપાદ. } (૩૬)

સુંદર શામળીયારે, સૌભાગ્ય તણા શણગાર;
ગણું ગુણવંતા અમારા આધાર... ..સુંદર.
તમ સમ શ્યામા જોઇને હું માનું, ભાગ્ય અપાર;
ગણાય છે આ ભવસાગરમાં, (૨)
સેતુરૂપ સતિ નાર અપાવે સ્વર્ગ તણાં સુખસાર....સુંદર.
ચાહે ચકોરી ચિત્તમાં જેમ ચંદ્ર તણોરે પ્રકાશ,
એમ હું ચાહું ચોંપથી સ્વામી. (૨)
તમ સેવાને ખાસ, ખરૂં એ તરવાનું છે નાવ..સુંદર.

શ્રી વિષ્ણુ— (૩૭)

આશ મારી ઉર ધરી જંજાળ જગની પરહરિ,
બાળક વયે વશ તેં કર્યો, રીઝાવીયો બહુ તપ કરી.
છો પ્રાણથી પણ પ્રિય મને, શિરોમણિ સહુ ભક્તમાં,
ભક્તિ ભાવે નહીં ચઢે, તુંથી અવર આ વિશ્વમાં.

શ્રી વિષ્ણુ— (૩૮)

છે ધન્ય ભાવ તમ ભક્તિ તણો ધ્રુવ, ભક્ત શિરોમણિ ખાસ
જગતમાં ભક્ત.
અમૂલ્ય અવિચળ પદ લેવામાં, થયાછો પુરા પાસ.
જગતમાં ભક્ત.
જેણે ભાવ ધર્યો મુજ પદમાં, તેનો ફેરો નાશ.
જગતમાં ભક્ત.
આ સંસાર અસાર ગણીને, જે રાખે મુજ આશ.
જગતમાં ભક્ત.

નારદજી }
ધ્રુવજી } (૩૯)

પ્રિય શિષ્ય પ્રભુને પ્રસન્ન કર્યા,
તમ જન્મ જન્મના ફેરા ટળ્યા................પ્રિય.
વિદેહી સમ સદા વિચરજો,
નિશદિન નીતિ અંતર ધરજો.
શિષ્ય તમારો નહીં ડગનારો, રહેશે ન્યારો,
જળકમળવત્ હરદમ ભવમાં ભર્યા............પ્રિય.

ધ્રુવજી— (૪૦)

જીવડા જો જાગી જો જાગી, તારો અવસર જાય અભાગી. જી.
સદાચરણ પ્રભુની સેવા, આદર કર્યો ન એરો,
આ ભવમાં નર દેહ ધર્યો પણ, રહ્યો જનાવર જેવો. જી.
સમજીને તું ચેતી લેને, ભલો સમય છે ભાઈ;
હૃદયમાંહિ શુદ્ધ ભાવ ધરીને, લેજે હરિગુણ ભાઈ. જી.

..ા વર્ગ— (૪૧)

આજ આનંદ સાગર રેલીયો,
સોનાનોરે કાંઇ ઉગ્યો છે સૂરકે, વેગે મળ્યાંરે વધામણું.
પ્રીતે પ્રીતે પ્રભુજી રીઝાવીને,
વીર ધ્રુવજીરે પધાર્યા છે પૂરકે. ,,
મેંતો મોતીના ચોક પુરાવીયા,
વાટે ઘાટેરે વેરાવ્યાં છે ફુલકે. ,,
ધન્ય આજ ઘડીરે આનંદની,
વરસેછે રે કાંઈ અમૃત નીરકે. ,,

(૪૨)

અજુ—હાય હાય મને મારી નાંખી મારે.
માલદે—તું કહે મને વાગ્યું તને જયારે.
અજુ—પીટયા સેટોરે.
માલદે—બાપુ જોવા દે તને દુઃખ થાય.
અજુ--હાય હાય.
માલદે--અરરરરર.......હાય હાય મને.

અજુ—તને કોગળીયું લઇ જાય.
માલદે--હવે પડું તારે પાય.
અજુ--તારી મેઠે ગયે કાય.
માલદે--હવે મને ના હુતાય,
તને મેલડી ભરખી જાય,
તને ઝાંપડી માતા ખાય.

નારદજી-- (૪૩)

તું સમતાથી સમજી લેને મન, કોઇ નથી તારૂં.... . .
કોઇ નથી તારૂં જગતમાં માને શું મારૂં...............
જુઠા સુખને સાચું ધારી તું, કેમ ગણે પ્યારૂં,
જેને સાચું જાણેછે તે, થશે અંત ન્યારૂં................
આ ભવમાં ભૂલે ભમતા હું, વારવાર વારૂં,
કર કમળાપતિ પદમાં પ્રીતિ, તો થાય સર્વ સારૂં......તું.

ઇંદ્રગૌરી— (૪૪)

વાહ વાહ પ્યારા પ્રભુજી તમારી,
કીધી આશ પુરી રાખી ન અધુરી મુરારી.
પામી સ્વામી. (૨) આ.... ....
સહુ દુખડાં વામી ....
હવે હરખેથી વ્હાલાની સાથે ઉમંગે,
રહીને હું સંગે રમીશ રોજ રંગે,
પ્રીતેથી રીતેથી ચિત્તથી ચાહું, સુંદર વરની સેવા સારી....વાહ.

વારાંગનાઓ-- (૪૫)

ધનીસાસા, ધનીસાસા, નિસારેરેગ
ગપમ, ગમગરેસા, ગરે રેગમપ ગરે ગમપ
ગમપ ગમપ નીનીનીની ધધધધ પપપપમ
પમગ મગરે ગરેસા. ધનીસા ....
ગગગ ગમપ નીનીનીની ધધની નીસા.
સાની ધની ધપધપમ, પમગ મધરે ગરેસા.

સ્ત્રીવર્ગ-- (૪૬)

રૂડો મંગળ મંડપ શોભે, દેખી દેવો તણા મન લોભે;
સૂર્ય ચંદ્ર જોવાને થોભે, માનુની વૃંદ મલપતી મલપતી આવે,
માતા સુનીતિ કાંઇ સ્નેહે વધાવે.... ....૧
વરમાળા કન્યા કરમાં લઇને, સુંદર વરને આરોપેછે જઇને,
સૌનાં મન હરખે આશીશ દઇને, અમર થઇને સુખમાં નિત્ય વિચરજો.
રંગે ચંગે ઉમંગે સાથે સૌ રહેજો.... ....૨

ॐ શાન્તિ, શાન્તિ, શાન્તિ.

સમાપ્ત.